## –:: આંક–૫૭ તળે હુકમ ::–

૧. સદર કામે ફરિયાદી તરફે આંક–૫૭ થી અરજી આપી જણાવેલ છે કે, આ કામમાં ફરિયાદી પુત્ર હિતેષભાઈ દામજીભાઈ શેખા, ઠે.બહારપુરા, ભુખી રોડ, વડલાવાડી, રહે.ધોરાજી, જી.રાજકોટવાળા આ કામમાં આરોપીના મિત્ર હોય અને તેમની હાજરીમાં સદરહું પૈસા આપેલા હોય અને તેમની હાજરીમાં જ આરોપીએ ફરિયાદીને ચેક આપેલ હોય જેથી તેમના તપાસવા માંગતા હોય જેથી તેમને સમન્સ કરવા અરજ કરેલ છે. સદર કામે શેરો વંચાણે લીધો.

૨. હાલના કામની અરજી વંચાણે લેતાં, આ કામના સાક્ષી તે હાલના કામના આરોપીના મિત્ર હોવાનું જણાવેલ છે, પરંતુ સદર કામના પક્ષોનો લેણ-દેણનો વ્યવહાર થયેલ છે તે હાલની અરજીમાં દર્શાવેલ સાક્ષીની હાજરીમાં થયેલ હોવાનું ફરિયાદપક્ષે જાહેર કરેલ છે તેવા સંજોગોમાં ફરિયાદીનો હાલનો કેસ યોગ્ય રીતે પ્રસ્થાપિત કરે તે હેતુ ધ્યાને રાખી તેમજ કુદરતી ન્યાયના સિદ્ધાંતોને પણ ધ્યાને રાખી હાલની અરજી મંજુર કરવા યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવતી હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## –::હુ ક મ::–

(૧) સદર અરજી આથી "**મંજુર**" કરવામાં આવે છે.

(૨) પ્રિન્સિપાલ સિનિયર સીવીલ કોર્ટ, ધોરાજીના સંદર્ભિત કચેરી કલાર્કે ફરિયાદી તરફે નિયમ મુજબની પ્રોસેસ ફી ભર્યેથી આ કામના સાહેદ હિતેષભાઈ દામજીભાઈ શેખાને સમન્સ ઈશ્યું કરવો.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

ધોરાજી.
તા.૨૦/૦૩/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ,**
**ધોરાજી.**
(જજ કોડ- જીજે૦૧૨૫૮)